email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

## યુવા ઉજવણી વર્ષ

## ‘રઘુવંશી રમતોત્સવ - ૨૦૧૫’

અખિલ ગુજરાત લોહાણા સમાજના સંગઠનને મજબૂત કરવાના ધ્યેય સાથે સમયાંતરે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેના માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે.

રમત ગમત સમિતિના અધ્યક્ષશ્રી અશોકભાઈ ગઢીયા તથા મંત્રીશ્રી અતુલભાઈ પાવાગઢીના માર્ગદર્શન હેઠળ દિવાળી વેકેશન – ૨૦૧૫ દરમ્યાન રાજ્યકક્ષાના રમતોત્સવનું આયોજન કરવામાં આવનાર છે. (સંભવિત તા.૨૨.૧૧.૨૦૧૫ તથા તા.૨૯.૧૧.૨૦૧૫) જેમાં યુવા સમિતિ, શિક્ષણ સમિતિ, તથા છાત્રાલય સમિતિના સંયુક્ત ઉપક્રમે આ રમતોત્સવ – ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે.

આ દરમ્યાન વ્યક્તિગત ઈન્ડોર સ્પર્ધાઓમાં ચેસ, કેરમ, ટેબલ ટેનિસ, તથા બેડમીન્ટનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ક્રિકેટ, બાસ્કેટ બોલ, વોલીબોલ, કબ્બડી જેવી આઉટડોર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આઉટડોર સ્પર્ધામાં સ્થાનિક કક્ષાએ ટીમ બનાવવી જરૂરી છે. કોઈપણ રમતમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા જ્ઞાતિબંધુઓએ એક રમત દીઠ રજિસ્ટ્રેશન ફી રૂા.૧૦૦/– (એક સો પૂરા) જમા કરાવવાના રહેશે.

સૌ પ્રથમ આ સ્પર્ધાઓ સ્થાનિક કક્ષાએ, ત્યારબાદ ઝોન કક્ષાએ અને અંતમાં વિદ્યાનગર / અમદાવાદ ખાતે ફાઈનલ રાજ્ય કક્ષાની સ્પર્ધા રાખવામાં આવશે. સ્થાનિક કક્ષાએ વિજેતા જ્ઞાતિબંધુ / જ્ઞાતિ ટીમને ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે અને ઝોન કક્ષાએ વિજેતા થયેલા જ્ઞાતિબંધુઓ / ટીમને રાજ્ય કક્ષાની **‘ગ્રાન્ડ ફીનાલે’**માં ભાગ લેવાનો રહેશે. રાજ્ય કક્ષાએ વિજેતા સ્પર્ધકો તથા ટીમને સમગ્ર ગુજરાતના જ્ઞાતિશ્રેષ્ઠીઓ તથા જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિમાં પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે. આ તમામ સ્પર્ધાઓમાં ઉંમરના બાધ વગર આપણા સમાજના ભાઈઓ તથા બહેનો ભાગ લઈ શકે છે. ભાઈઓ તથા બહેનોને અલગ અલગ સ્પર્ધાઓ રમાડવામાં આવશે. સંસ્થા દ્વારા સ્થાનિક કક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે તે પહેલા કાર્યાલયનો સંપર્ક કરવાથી, બેનરથી ડિઝાઈન ઈ–મેલથી મોકલી આપવામાં આવશે. જે બેનર ડિઝાઈન મુજબ દરેક સંસ્થાઓએ સ્પર્ધા દરમ્યાન સ્પર્ધાના સ્થળે લગાવવાનું રહેશે.

દરેક રમતના પ્રથમ વિજેતાને ટ્રોફી / એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે. કોઈપણ જ્ઞાતિશ્રેષ્ઠી પોતાના પરિવારજનોની સ્મૃતિમાં ટ્રોફી માટે સ્પોન્સરશીપ આપી શકે, જેના માટે કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

આ રમતોત્સવને પારદર્શક બનાવવા માટે દરેક ઝોનમાં કન્વીનરશ્રીની નિમણુંક કરવામાં આવશે, જેના માટે આ સમગ્ર આયોજન દરમ્યાન સક્રિય રસ લઈ શકે તેવા યુવાનો, તેમજ રમતના જાણકાર હોય તેવા સ્પોટ્ર્સમેન, કોચની પણ અમૂલ્ય સેવાનો લાભ લેવાનો હોવાથી કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.

કોઈપણ સ્પર્ધક વધારેમાં વધારે એક ઈન્ડોર તથા એક આઉટડોર સ્પર્ધામાં ભાગ લઈ શકશે. જેની ખાસ નોંધ લેવી.

આપણા સમાજના કોઈપણ રમતવીરે રાજ્ય કક્ષા કે રાષ્ટ્રીય કક્ષાએ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો ફોર્મમાં તેનો અવશ્ય ઉલ્લેખ કરવો.

આ સાથે નમૂનારૂપે ફોર્મ સામેલ કરેલ છે. જરૂરિયાત મુજબ તેની ઝેરોક્ષ કરાવી, સ્પર્ધક પાસે ભરાવીને સ્થાનિક મહાજનના પ્રમુખ / મંત્રીના સહી સિક્કા કરાવી અખિલ ગુજરાત લોહાણા સમાજના કાર્યાલય ઉપર મોકલી આપવાનું રહેશે. સંપૂર્ણ ભરેલા તથા મહાજનના સહી સિક્કા સાથેના ફોર્મ તા.૩૧.૦૮.૨૦૧૫ પહેલા કાર્યાલય ઉપર મળી જાય તે જરૂરી છે. ત્યારબાદ મળેલા ફોર્મ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**શ્રી અશોકભાઈ ગઢીયા**
પ્રમુખશ્રી, રમત ગમત સમિતિ

**શ્રી અતુલભાઈ પાવાગઢી**
મંત્રીશ્રી, રમત ગમત સમિતિ

**નોંધ :**
- આપની સંસ્થા દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવતું હોય તો અવશ્ય માહિતી મોકલવી.
- હાલમાં ચાલી રહેવા ‘ રઘુવંશી અનામત આંદોલન’માં રઘુવંશીઓએ જોડાવવું જોઈએ કે નહીં...? આપના મંતવ્યો / પ્રતિભાવ જરૂરથી મોકલી આપશો.

## એક દીકરી : વિશેષ પરિવાર - વિશેષ સન્માન

અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા સમયાંતરે વિવિધ રચનાત્મક અને નવા અભિગમ સાથેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

અખિલ ગુજરાત લોહાણા સમાજ – વાત્સલ્ય સમિતિ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સમગ્ર દેશમાં ‘બેટી બચાવો’ અભિયાન ચાલે છે. આવાં સમયે આપણા રઘુવંશી પરિવારમાં સમગ્ર ગુજરાતમાં જે માતા – પિતાને ફક્ત એક જ દીકરી છે (બીજું સંતાન ન હોય) તેવાં માતા – પિતાને પ્રોત્સાહિત કરવા તથા અન્ય પરિવારો માટે પ્રેરણારૂપ બની રહે તે માટે નજીકના ભવિષ્યમાં વિશેષ સન્માનનું આયોજન કરવામાં આવનાર છે.

**શ્રી જીતુભાઈ આઈ. પૂજારા** - અધ્યક્ષશ્રી, વાત્સલ્ય સમિતિ

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યક્તિગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફક્ત રૂા.૨૫૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃત્તિઓની માહિતી ઘેરબેઠા મેળવો.
૩) અપરીણિત લોહાણા યુવક - યુવતીઓ akhilgujaratlohanasamaj.org સગપણ સેવા અવશ્ય સંપર્ક કરવો.